# ગુરુ મહિમા

**અ.૧૦૬** **૧/૫૩ ૦.૪૦.૧૯ અમી ઠાકોર**

વંદુ ગણપતિ શારદા, શ્રીગુરુ યતિવર તેહ;
યત્સ્મરણે ક્ષણ ના રહે, વિઘ્નભ્રમસંદેહ. ૧.

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ, ગોપી કૃષ્ણ સ્વરૂપ;
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું, રહે ન પૂર્વ સ્વરૂપ! ૨.

**અ.૧**

કલિતારક ગુરુગાન છે, રમ્ય રુચિર રસાળ;
નિશ્ચય મનનો હોય તો, પાછો કાઢે કાળ. ૯૯.

વેષધારી વાટમાં, દુર્લભ સંત સુજાણ
સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન ૧૨૨.

શિષ્યવિત્તહારક[1] બહું, ચિંતાહારક કોક!
ફરે વિપ્ર ગુરુશોધમાં,જોઈ હસે કુલોક. ૧૨૩.

**અ.૨**

કલિતારક ગુરુનામ છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ;
એક ભક્તિથી જો ભજે, તો ક્યાંથી રે' ભ્રમ? ૪૨.

સમદષ્ટિ છે એહની, કરે કૃપાવર્ષાવ;
દેવ સકલ વશ થાય ને, જાય સંસૃતિ તાવ. ૪૩.

કલિકાલ પીડે નહી, મોત ન આવે પાસ;
દૈન્ય દુરિત[2] નાસે સહુ, થાય સિદ્ધિઓ દાસ. ૪૪.

શું દુર્લભ ગુરુભક્તને?, નિશ્ચય મનનો એક,
હોય અડગ વિશ્વાસ તો, કરે પૂર્ણ ગુરુ ટેક. ૪૫.

અનન્ય નિષ્ઠા મન વિષે, ગુરુ ત્રિમૂર્તિરૂપ;
ભાવ શુદ્ધ તો ક્ષણ મહીં, શિષ્ય થાય તદ્રુપ. ૪૬.

કોપે હરિહર વા યદિ, રક્ષે ગુરુ નિજ ભક્ત;
ગુરુકોપ નિવારવા, દેવ ન કોઈ શક્ત. ૪૭.

મહિમા એવો ગુરુ તણો, તારક એ ગુરુનામ;
ગાવી લીલા મુખ થકી, થાય શિષ્યનાં કામ. ૪૮.

**અ.૩**

બે અક્ષર ગુરુ એ નકી છે, અમૃતાર્ણવ એમ;
ક્ષણૈક ડૂબકી મારતાં, રહે ત્રિતાપ જ કેમ ? ૧૪૨.

સદ્‌ગુરુસ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ;
ગુરુનામામૃતપાનથી, જાય મરણ સંદેહ. ૧૪૩.

શિવ વિરંચિ માહરો, બ્રહ્મનિષ્ઠનો તેમ,
થાય અનુગ્રહ તો મળે, સદગુરુ; ન મળે એમ. ૧૪૪.

અમે દેવ જે આપીએ, આપે ગુરુ પણ તેહ;
માટે ત્રિમૂર્ત્યાત્મક ગુરુ, એમાં નહિ સંદેહ. ૧૪૫.

**અ.૮**

સ્મરણ માત્રે જે હરે, કષ્ટ સકળ તત્કાળ,
દર્શન આપી ભક્તને, એવો કોણ દયાળ? ૧૧૫.

કેવળ દેખે ભાવને, નવ દેખે અવગુણ;
નિર્ગુણ; ભક્તિવશ થયો, દેવ જેહ સગુણ. ૧૧૬.

**અ.૧૦**

જ્ઞાનપ્રપા[3] ચાલુ કરી, પીએ સુભાગી જન;
રંગકૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ. ૧૧૫.

**અ.૧૬**

દયા ક્ષમા શાન્તિ ધૃતિ[4], દૈવી સંપદ્ જાણ;
કરી પ્રાપ્ત સદ્‌ગુરુપદે, જાવું શરણ અમાન. ૧૦૨.

ફલાભિમાન છોડી સહું, કરતાં ધર્માચરણ;
થતાં કૃપા ઈશ્વર તણી, થશે સદ્‌ગુરુ દર્શન. ૧૦૩.

ઈશ્વર સમ ગુરુ માનીને, શ્રદ્ધા રાખી અખંડ;
કરવી સેવા ખંતથી, સહી શીતોષ્ણ દંડ. ૧૦૪.

બેસી પાસે પ્રેમથી, કરવું શાસ્ત્રશ્રવણ;
થતાં જ્ઞાન સુદઢ ક્ષણે, પામે નિર્વાણ જન. ૧૦૫.

ગુર્વનુગ્રહમાત્રથી, થશે જ્ઞાન સુસ્થિર;
અન્યથા શ્રમ વ્યર્થ એ, છિદ્રે રહે ન નીર. ૧૦૬.



૧. શિષ્યોનું દ્રવ્ય પડાવી લેનાર ૨. પાપ ૩. જ્ઞાનની પરબ ૪. ધીરજ, ધૈર્ય

અ.૧૬

વેદાન્ત શ્રવણાદિથી, પ્રાપ્ત બૌદ્ધિક જેહ,
જ્ઞાન પરોક્ષ તે કહ્યું;, સફળ ગુરુમુખે એહ. ૧૧૧.

નિદિધ્યાસયોગાદિથી, થવું સ્વયં તદ્રૂપ;
જ્ઞાન અપરોક્ષ એ નકી, સાક્ષાત્કાર અનુપ. ૧૧૨.

'જાણવું' તે તો પરોક્ષ, 'થવું' અપરોક્ષ જાણ;
સદ્‌ગુરુકૃપા વિણ ના કદિ, બને એક પણ માન. ૧૧૩.

અ.૧૭
**શ્રી દત્ત ભગવાન :-**

'મહતો મહીયાન્' જે, બ્રહ્મ એક સુજાણ,
તેનું વિવરણ જે કરે, બ્રહ્માત્મૈક્ય પ્રમાણ. ૪.

મહાવાક્ય એ વેદનાં, ચાર મુખ્ય નિર્ધાર!
તેમાં બોધક મુખ્ય જે, સામવેદનું સાર. ૫.

શ્વેતકેતુને અરુણ એ, કથે ફરી ફરી જાણ;
'તત્ત્વમસિ' મહાવાક્ય એ, 'તે તું છું' નૃપ માન. ૬.

ધ્યાન દઈ સાંભળ નકી, થાશે સાક્ષાત્કાર;
સાધન સિદ્ધ થતાં સુખે, થાય મૂઢ ભવપાર. ૭.

નિત્યાનિત્ય વિવેક એ, પહેલું સાધન જાણ;
ઈહામુત્ર વિષયે સદા, વિરાગ બીજું માન. ૮.

ચિત્તે વિષયો જો વસે, થાય ના કદિ ધ્યાન;
માટે વિષયત્યાગને, આપે શ્રેષ્ઠો માન. ૯.

મનશમન ઈન્દ્રિયદમન, વિષયોપરતિ તેમ;
શીતોષ્ણાદિક સહન જે, તિતિક્ષા પણ એમ. ૧૦.

ગુરુવચને શ્રદ્ધા અને, સમાધાન મન માંહ્ય,
યથાપ્રાપ્ત સંતોષ જે, ષટ્‌સંપત્તિ થાય. ૧૧.

ત્રીજું સાધન આ નકી, મોક્ષેચ્છા ચતુર્થ;
મુક્તિ માટે તડફડે, થાય વ્યાકુળ તદર્થ. ૧૨.

સિદ્ધ કરી સાધન સુખે, જવું સદ્‌ગુરુશરણ,
સેવા કરી સદ્‌ભાવથી, કરવું વાક્યવિવરણ. ૧૩.

સદાચારત જે સદા, પૂરો જ્ઞાને તેમ;
નિજાનંદમાં મસ્ત જે, બ્રહ્મનિષ્ઠ ગુરુ એમ. ૧૪.

તચ્છરણે ભ્રમ ક્યાં રહે?, આડા અવળા બોલ
જેના, શાસ્ત્રો સર્વ એ, કાઢે માયાપોલ! ૧૫.

ષડ્‌લિંગે તાત્પર્યનું, ચિત્તે ગ્રહણ શ્રવણ;
કરતાં એ સદ્‌ભાવથી, રહે ન ભ્રાન્તિ ક્ષણ. ૧૬.

માર્ગદર્શક શ્રી ગુરુ, આપે સત્વર જ્ઞાન;
જ્ઞાને બ્રહ્મે તત્ક્ષણે, ભળે જીવ નિર્માન. ૪૬.

અ.૨૫

આઠે સિદ્ધિ નવ નિધિ, જેની સેવા માંહ્ય,
સદા લીન ગુરુચરણમાં, યત્સ્મરણે અઘ જાય. ૭.

અ.૩૯

ગુરુકૃપાથી કોક દિન, પામે વિરલો જ્ઞાન;
પડે પુણ્યથી શ્રવણમાં, સન્મુખથીએ માન. ૩.

અ.૪૦.

ચણા ચાવવા લોહના, ના બચ્ચાંનો ખેલ;
'રંગ' ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ!! ૧૦૨.

અ.૪૧

ઈશ્વરગુરુમાં ભેદ ના, તેમજ નિઃસંદેહ;
કરે અવિદ્યા નષ્ટ જે, ઈશ્વર ગુરુવર તેહ. ૧૦.

ગુકારથી[1] શાસ્ત્રે કહી, મૂળ અવિદ્યા તેમ;
રુકારથી તન્નાશક, નકી એક ગુર્વીશ એમ. ૧૧.

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ;
ભવબાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ. ૧૨.

ગુરુ ગુરુ કરતાં શ્વાસ આ, જાઓ નિશ્ચય એમ;
ના ઈચ્છા બીજી કશી, પામ્યો સકળ ક્ષેમ. ૧૩.

કાઢી ચર્મ આ દેહનું, જૂતાં ગુરુપદ માંહ્ય
ઘાલું તો એ ના વળે, એ ઋણ શ્રી ગુરુરાય. ૧૪.

કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભૂલું પદ આ કદિ, પડી જતાં પણ પંડ. ૧૫.

૧. ગુરુવિદ્યાં દ્વીતી ગુરુરોશ્વર અવ સઃ

અ.૪૨

થતાં કૃપા ગુરુદેવની વનમાં, ઘેટું મારે વાઘ;
રંગ એકજ ભરિયો રે દેખે, નર જીવતાં મૂએ. ભ.અ. ૫.

અતકર્ય લીલા ગુરુ તણી, પામે કોઈ ન પાર;
થાય કૃપા ગુરુદેવની, લહે રંગ તો સાર!! ૧૦૮.

અ.૪૩

થતા કૃપા સદ્‌ગુરુ તણી, થાએ ગ્રહ અનુકૂલ;
ભૂપ રીઝતાં મંત્રીઓ, રહે કેમ પ્રતિકૂલ? ૨૭.

બાહ્ય વિષય છોડી રમે સદા બ્રહ્મમાં જાણ,
તચ્છરણે દુર્લભ કશુંના, ત્રિભુવનમાં માન. ૨૮.

અ.૪૪

એવો સુજ્ઞ, ન તોય એ, માગે સુત વિણ એમ;
જાણી અર્થાર્થી ગુરુ, આપે વર પણ તેમ. ૨.

ફાવે તેવી ભક્તિ પણ, અનુક્રમે એ જાણ,
પરાભક્તિમાં પરિણમે, અંતે જાણ સુજાણ. ૩.

જાણી એવું શ્રીગુરુ, કરે નિરાશ ન તેમ;
પોષે તે તે ભક્તિ ને, આપી આશિષ એમ. ૪.

હોય પુણ્ય ના પૂર્વનું, ક્ષુદ્ર દેવની તેહ,
કરે ભક્તિ અજ્ઞાનથી;, ના છૂટે કદિ એહ. ૫.

દત્ત દયાઘન શ્રી ગુરુ, બ્રહ્મ પરાત્પર જાણ;
ભજતાં એને ભાવથી, સકામ પણ નર માન. ૬.

થાએ અધિકારી ક્રમે, પડે ન કદિએ તેમ;
તરે જન્મ મૃત્યું નકી, જાણ નિઃશંક એમ. ૭.

લાગે નીરસ કામના, ક્રમે એ થકી જાણ,
થાય ભક્ત નિરાશ[1] ને, તરે એમ તું માન. ૮.

અ.૪૭

ચાર ભક્ત શ્રી દત્તનાઃ-, અથાર્થી ને આર્ત;
ત્રીજો જાણ મુમુક્ષુ તું, ચોથો મુક્ત ઉદાત્ત. ૩.

પુણ્યવંત ચારે નકી, એમાં ના સંદેહ;
તોએ જ્ઞાની મુક્ત જે, શ્રેષ્ઠ સર્વમાં તેહ. ૪.

ઈશ્વરભક્તિ આ નકી, હોય પુણ્ય તો થાય;
નહીં તો ક્ષુદ્ર દૈવ તો, ભજતાં આયુષ્ જાય. ૫.

ધ્યાનમૂલં ગુરોમૂર્તિઃ, પૂજામૂલં ગુરોઃ પદ્‌મ!
મંત્ર મૂલં ગુરોર્વાક્યં, મોક્ષ મૂલં ગુરોઃ કૃપા!!

અ.૬૭

કામધેનુ ગુરુચરિત આ, એમાં ના સંદેહ;
શ્રદ્ધાભક્તિ હોય તો, તારે રંગ સદેહ! ૧૪૦.

અ.૬૮

સૂર્યોદય થાતાં શમે, અંધકાર જયમ ગાઢ;
નાસે થાતાં ગુરુકૃપા, દૈન્ય પાડીને રાડ. ૧૯૩.

કહું નિરંજન શું તને?, શ્રી ગુરુકૃપા અગમ્ય;
વ્યાધિમાત્રની શી કથા?, નાસે દોષ અદમ્ય! ૧૯૬.

જન્મજન્મનાં પાપ જે, પળે પલકમાં એહ;
કૃપા સદ્‌ગુરુની થતાં, થાય પુણ્ય કુદેહ! ૧૯૭.

કામધેનૂપમ નકી, શ્રીગુરુચરિત્ર જાણ;
તાપદૈન્યહર ભક્તિ જો, માન મોક્ષની ખાણ. ૧૯૮.

ભક્તિનમ્ર જે કો પઢે, સુણે કથાનક ચિત્ર,
રોગભીતિ ના તદ્‌ગૃહે, થશે શત્રુ પણ મિત્ર! ૧૯૯.

સૌખ્ય અખંડિત લાભશે, માન મને નિઃશંક;
સદ્‌ગુરુ વિણ તારક નહિ, 'રંગ' રાય કે રંક!! ૨૦૦

અ.૬૯

ઐરાવત શું ગ્રાસશે, કદિ કેસરી બાળ?
જે ઉપર સદ્‌ગુરુ કૃપા, શું કરશે ત્યાં કાળ? ૩૦.

ગુરુસ્મરણ જો ચિત્તમાં, કોણ બાપડી બીક?
કાલ મૃત્યુ બાધે નહીં!, કયાં અપમૃત્યુ ધિક્? ૩૧.

સકળ તીર્થ ગુરુપાદ માં, કહે સકળ શ્રુતિ એહ;
શાસ્ત્ર સકળ પણ ઓચરે, એજ નિઃસંદેહ. ૭૪.



૧. નિષ્કામ

અ.૬૯

અહો ધન્ય બલદર્શને, સાઠ યજ્ઞફળ પુણ્ય
શ્રીરંગદર્શનથી ટળે, પુનર્જન્મ અરણ્ય! ૧૪૮.

અ.૭૦

ગુરુસેવા પદ્ધતિ લહે, તે જાણે સહુ વેદ;
મંત્ર તંત્ર કિંકર સહું, ન રહે કાંઈ ખેદ. ૩૯.

તુષ્ટ થતાં ગુરુ સ્હેજમાં, થાય નર સર્વજ્ઞ;
અષ્ટ સિદ્ધિ વશ ક્ષણ મહીં, થાય સર્વશાસ્ત્રજ્ઞ. ૪૦.

સાંભળ મુનિ! જનની ગુરુ, જનક દ્વિતીય સુજાણ,
હિતકર્તા ઉપકારી જે, ભયત્રાતા વળી માન. ૪૯.

વિદ્યાદાતા પણ ગુરુ;, બ્રહ્મ વિદ્યાપ્રદ જેહ
પરમ ગુરુ એ જાણવો, સેવા ધરી સુનેહ. ૫૦.

ગુરુ બ્રહ્મા હરિહર નકી, ગુરુ સાક્ષાત પરબ્રહ્મ;
ગુરુ કૃપા વિણ કો કદિ, તરે ન માયાભ્રમ. ૫૧

અ.૭૦

પ્રસન્ન સાક્ષાત્ ગુરુ જિહાં, શું દુર્લભ જગમાંહ્ય?
અમૃત પોતે રીઝતાં, રહે રોગ ક્યાં કાય! ૨૦૩.

અ.૭૨

દૈન્યહારિણી ગુરુકૃપા, કલ્પવૃક્ષ સાક્ષાત્!
થાતાં અમૃતહેલી ક્યાં, રહે મોતની વાત ? ૭૯.

હતભાગી પણ જો નકી, સેવે ગુરુચરણ;
થાય પૂજ્ય ઈહલોકમાં, પામે પરમાયતન.[1] ૮૦

જે કો શ્રીગુરુને ભજે, વરે સકલ સંપદ;
પાય પડે સિદ્ધિ સહુ, ન રહે નામ વિપદ્! ૮૧.

અ.૭૬

ભક્તકૃપાળુ શ્રીગુરુ;, કોણ શ્રીમંત ત્યાંય?
થતાં યત્કૃપા ક્ષણ મહીં, થાય રંક નો રાય! ૩૪

કોપે જો કો પર કદિ, થાય ભસ્મ એ તેમ;
આપી વર ભિખારીને, કરે પૃથ્વીપતિ એમ. ૩૫.

દુષ્ટાક્ષર પણ વિધિ તણા, થાય શુભાક્ષર તેહ,
શ્રીગુરુચરણસ્પર્શથી, એમાં ના સંદેહ. ૩૬.

એમ કૃપા ગુરુની થતાં, રહે દૈન્ય ક્યાં દુષ્ટ?
અષ્ટૈશ્વર્યો આંગણે, ખડાં 'રંગ' જો હૃષ્ટ!! ૭૨.

અ.૭૮

ગુરુ બ્રહ્મા ગુરુ શ્રીહરિ, ગુરુ ગિરિજાપતિ જાણ;
વેદશાસ્ત્રપુરાણમાં, મહિમા પ્રસિદ્ધ માન. ૬૬.

અ.૮૩

ભલે મંત્ર અનેક પણ, સિદ્ધ ન ગુરુ વિણ એક;
માટે વેદાદિક કહે, શ્રેષ્ઠ તત્ત્વ ગુરુ છેક. ૨૫૮.

અ.૮૬

એક ગુરુ વિણ કાળને, જીતે કોઈ ન જાણ;
જોઈ રીઝે ભાવને, સદગુરુ એ પણ માન. ૮૦.

અ.૮૮

ગુરુક્તમાર્ગે ભજનથી, થાય દુષ્કર્મ નાશ;
ભવ નિવૃત્તિ પલકમાં, થાય મોક્ષ પણ દાસ!! ૩૦

અ.૮૯

પામ્યાં મુક્તિ આખરે, ગાતાં શ્રીગુરુગાન!
સત્ય નિરંજન ગુરુસમું, તીરથ ક્યાંય ન આન. ૨૭૧.

ગુરુલીલામૃત આ નકી, અનુપમ નિશ્ચય તેમ;
પીતાં નર અમૃત થઈ, પામે સકલાર્થ એમ. ૨૭૨.

ઉભયસાધન આ નકી, ગુરુલીલામૃતગાન;
જુએ સ્વાનુભવથી સહુ, માની રંગ પ્રમાણ!! ૨૭૪.

૧. સ્થાન

અ.૯૦

હું બાળક અતિ દીન છું, તું તારક ગુરુનાથ;
તુંજ વિણ ઈચ્છા કોણ આ, કરે સંપૂર્ણ તાત? ૫.

અ.૯૧

ગુરુલીલા પાવન નકી, એવી નિઃસંદેહ;
તરે 'રંગ' યચ્છ્રવણથી, ભલે મૂઢ હો તેહ! ૨૧૦

અ.૯૨

આર્તબંધુ શ્રીગુરુ નકી, કલ્પવૃક્ષ સમાન;
ના વિસારે ભક્તને, માનો 'રંગ' પ્રમાણ! ૯૧.

ભજો અહર્નિશ એહને, છોડી કુતર્ક સર્વ;
થતાં તુષ્ટ શું દે ન એ, સાક્ષાત્ વિધિહરિશર્વ? ૯૨.

અ.૯૪

કહે સૂતઃ- ઋષિઓ સુણો!, સુગમ સાધન તેમ,
ગુરુભક્તિ સમ અન્ય ના, ભવતારક જે એમ. ૪૫.

સદ્ગુરુ યોગ્ય અયોગ્ય વા, કરે ન એમ વિચાર;
માની બ્રહ્મમય એહને, સેવે જન નિર્ધાર. ૪૬.

દૃઢ ભક્તિ જેની લભે, ક્ષણમાં સિદ્ધિ તેહ;
સાવધાન ગુરુ ને ભજે, માટે ત્યજી સંદેહ. ૪૭.

જોવું ન્યૂન ન ગુરુ તણું, નરદષ્ટિથી તેમ;
માની ત્રિમૂર્તિ એહને, કરવી સેવા એમ. ૪૮.

એવો નિશ્ચય ઉર કરી, ભજે જેહ ગુરુપાદ,
થાય પ્રસન્ન એ પર નકી, શૂલપાણિ સાક્ષાત્! ૪૯.

મંત્ર તીર્થ દ્વિજ દેવમાં, ગણક વૈદ્ય ગુરુ માંહ્ય,
જેવી જેની ભાવના, સિદ્ધિ તેવી થાય. ૫૦.

જેવી ભક્તિ મંત્રાદિમાં, તેવું ફળ સાક્ષાત્;
શિવ માની ગુરુને ભજયે, રીઝે શંકર તાત્. ૫૧.

શિષ્યોને તારક અહીં, ગુરુવચન નિર્ધાર;
હોય ભાવના શુદ્ધ તો, પામે ફળ તકાળ. ૪૨.

ગુર્વાજ્ઞાસમ ના કરે, જાય નરકમાં તેહ;
પાતક દૂર ન તેહને, સદા દરિદ્રી એહ. ૭૭.

થાય અધોગતિ તેહની, નરક અખંડિત ત્યાંય;
પાળે જે ગુરુવચન તે, તરે ભવાર્ણવ આંહ્ય. ૭૮.

અસાર આ સંસારમાં, સાર ગુરુકથા જાણ;
લાગે દૈવે 'રંગ' જો થાય, દેવ; હેવાન!! ૧૪૨.

અ.૯૬

વિણ આરાધન ઈશ આ, આવ્યો મારી પાસ,
ગુરુભક્તિફળ એ નકી;, ના શંકા ત્યાં ખાસ. ૧૧.

લઈ કાંઈપણ દેવ સહુ, પૂરે ઈચ્છા જાણ;
વિણ દાને રીઝયો પ્રભુ, ગુરુકૃપા એ માન. ૧૨.

યજ્ઞદાન તપ આદિથી, યત્પ્રાપ્તિ દુર્લભ,
ગુરુપ્રસાદે ઈશ એ, થયો અયત્ન સુલભ. ૧૩.

અ.૯૬

એક ભાવથી જે ભજે, ગુરુને નિઃસંદેહ,
પામે સકલાભીષ્ટ ને, થાય મુક્ત નર તેહ. ૩૦.

ભવનિધિ પાર ઉતારવા, ગુરુ વિણ શક્ત ન આન;
ગુરુ ભજને ત્રિમૂર્તિ પણ, થાય સ્વાધીન માન. ૩૧.

સ્વયં ત્રિમૂર્તિ પણ અહીં, વંદે ગુરુને તેમ;
ગુરુ વિણ ના ગતિ નિશ્ચયે, કહે શ્રુતિ સ્મૃતિ એમ. ૩૨.

જેવી નિષ્ઠા દેવમાં, અનન્ય ગુરુમાં તેમ.
હોય, તોજ તત્ત્વાર્થ આ, સ્ફૂરે અંતરે એમ. ૩૩.

નહિ તો અથડાઈ મરે, પંડિત પોથાં માંહ્ય;
તર્કકુતર્ક કરે વૃથા;, કલ્પે મુક્તિ ન થાય! ૩૪.

અ.૯૬

ગંગા પાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય;
શ્રીગુરુદર્શન એકદમ, પાપ તાપ ને દૈન્ય! ૬૨.

ચારે પુરુષર્થો તણો, દાતા સદગુરુ જાણ;
સર્વશાસ્ત્ર સિદ્ધાંત એ, અદ્ય અનુભવ્યો માન. ૬૪.

**અ.૧૦૦**

થતાં તૃષ્ટ ગુરુવર કશું, ના દુર્લભ તું જાણ;
કલ્પદ્રુમ તદ્ગેહમાં;, ના શંકા કર આન. ૩૯.

સુલભ નાવ આ ગુરુકથા, થવા રંગ ભવપાર;
સુણી નિરંજન જે વદે, આગળ એ વિસ્તાર. ૪૦.

**અ.૧૦૧**

કલ્પદ્રુમ પાસે પડ્યો;, ના જાણીને જેહ,
અજ્ઞાનાન્ધ ભમે બધે, દૈન્યભાગી નર તેહ. ૪૧.

ભજો શ્રી ગુરુ નિશ્ચયે, થશે કામના પૂર્ણ;
કાર્યસિદ્ધિ સત્વર નકી, આવ્યો અનુભવ તૂર્ણ. ૪૨.

સુધાતૃપ્તને ક્ષીરનું, વૃથા પ્રયોજન જેમ,
નામામૃતથી તૃપ્ત ને જ્ઞાન યત્ન પણ તેમ. ૪૩.

**ઠોકી નોબત જોરથી, કહું ભજો ગુરુ અત્ર;**
**વેદ શાસ્ત્રાદિક કહે, ગુરુ ત્રિમૂર્તિ સર્વત્ર. ૪૪.**

ગુરુવિણ દેવ ન દૂસરો, વેદશાસ્ત્ર પ્રમાણ;
જાય સૌકરી[1] યોનિમાં, ગુરુનિંદક નાદાન. ૪૫.

કલ્પોકલ્પિત આ નહીં, વચન માહરૂં આંહ્ય;
હોય શાસ્ત્રપ્રમાણ તો, કરો સ્વીકાર ત્યાંય. ૪૬.

અસાર દુસ્તર સંસૃતિ, તરવા સુલભ ઉપાય,
ગુરુભજન વિણ અન્ય ના, અત્ર પરત્ર સદાય. ૪૭.

નિર્જલ આ ભવકાનને, સુલભ કથામૃતરૂપ
બેસાડી મેં પરબ આ, પીઓ સહુ સુખરૂપ. ૪૮.

કામ માત્ર શ્રદ્ધા તણું, દેખે પરચો સંત;
રંગ વલ્ગના તર્કની, નિરર્થ અહીંયાં હન્ત! ૫૦.

ત્રિમૂર્તિનો અવતાર એ, નૃસિંહ સરસ્વતી ત્ર્યક્ષ;
વસે ગાણગાપુર મહીં, આજે પણ પ્રત્યક્ષ. ૪૯.

**અ.૧૧૭**

ગુરુવાણી પીયુષ એ, ભવભયહારક જાણ;
પીએ 'રંગ' સુભાગી જે, રૂએ અભાગી માન!! ૬૦.

**અ.૧૩૭**

ગુરુમૂર્તિના વચનમાં, રાખી એમ વિશ્વાસ
કંઈક તરી ગયા અહીં, હે શિષ્યોત્તમ ખાસ! ૯૮.

ગુરુવર ત્રિમૂર્તિ એ નકી, લીલામાનુષવેષ;
ટળે વિઘ્ન દર્શન થકી!, જાય જન્મના ક્લેશ!! ૯૯.

**અ.૧૪૧**

શરણાગતને વજ્રપંજર, સમ શ્રી ગુરુ એમ;
રક્ષે સંકટ થી સદા, ટાળી ભીતિ તેમ. ૮૬.

શ્રદ્ધા ચાહે સો કરે, ના એમાં સંદેહ;
શ્રદ્ધા વિણ સઘળું વૃથા, જાણ નિશ્ચયે તેહ. ૮૭.

**અ.૧૪૭**

ગાંડા સમ ગુરુભક્ત ના, દીઠો બીજો ક્યાંય;
જાઉં વારી તન્નામ પર, વંદન કરૂં સદાય. ૫૭.

દત્ત દત્ત કરો બધા, છે મુજને આનંદ!
એમ કહી ખડ ખડ હસે, ગુરુવર એ સ્વચ્છંદ!! ૨૦.

ભજે જેહ જે ભાવથી, તેને તેવું ફળ,
આપે નિઃસંશય અહીં, જાણ એહ ગુરુવર. ૧૧૭.

થાક્યા શિવસનકાદિ જ્યાં, ગાતાં ગુરુગુણ તેમ,
કોણ હું તિહાં રાંકડો?, વંદું કેવળ એમ!! ૧૨૧.

કામધેનુ ગુરુચરિત આ, કલ્પદ્રુમ સાક્ષાત;
પાપતાપ દારિદ્રનો, કરે નાશ વિખ્યાત. ૧૨૨.

લખે જેહ આ હાથથી, પઢે પ્રેમથી તેમ;
સુણે વા શ્રદ્ધા થકી, તરે તેહ નર એમ. ૧૨૩.

પુત્ર પૌત્ર સહવંશમાં, તેના અક્ષય જાણ,
રહે સંપદા શિષ્ય હે!, મા કર તું અનુમાન. ૧૨૪.

ધર્મ અર્થ ને કામની, થઈ પ્રાપ્તિ તત્ક્ષણ
પામે અંતે મોક્ષ પણ;, કરે કોણ વર્ણન? ૧૨૫.

ભવાટવીમાં આ નકી, અમૃતપરબ સુજાણ;
પીએ સદ્ભાગી સુધી, જુએ ન કદિ નાદાન. ૧૨૬.

[1] ડુક્કરની

તુજ સમ ધન્ય ન અન્ય કો, શિષ્ય નિરંજન દેખ;
ગુરુલીલામૃતપાન તેં, કીધું એહ અલેખ! ૧૨૭.

એમ કહી અમૃતદગે, અલખ યોગીવર એહ,
દેખે શિષ્ય ભણી તિંહા, થયો સમાહિત તેહ. ૧૨૮.

રોમમાત્ર હાલે નહીં, ખડો નિશ્ચેષ્ટ જાણ;
રોમાંચિત તનુ નેત્ર, વહે અશ્રુ નિર્વાણ! ૧૨૯.

**અ.૧૪૮**

સુણી નિરંજન એ નમી, અલખપદે તતખેવ
કહેઃ- આશ પૂરી કરી, બાળકની આ દેવ! ૨૬૪.

શે ભૂલું ઉપકાર એ?, એમ કહીને જયાંય
વંદે પુનઃ પુનઃ તિહા, અલખ ન એ દેખાય!! ૨૬૫.

કહે રંગ- શંકા રખે, કરતા કોઈ આંહ્ય;
ગુરુલીલામૃત આ નકી, ચિંતામણિ જગ માંહ્ય. ૨૭૦.

શ્રીપાદ શ્રી વલ્લભ, નૃસિંહસરસ્વતી તાર,
વાસુદેવાનંદ, સરસ્વતી અઘહાર! ૨૭૪.

નામમાત્રમાં ભેદ પણ, સઘળે એજ અરૂપ;
ક્રીડે ગુરુશિષ્યાદિનાં, વિધવિધ ધરી સ્વરૂપ!! ૨૭૫.

તત્પદમાં અર્પણ કરૂં, તત્પ્રેરિત આ ગ્રંથ;
શ્રદ્ધાભક્તિથી પઢો, સંત એહ નિગ્રંથ.

**અ.૧૦૫**

સકલાભીષ્ટદ એ નકી!, સુણો અન્ય પણ તેમ;
પ્રીતિ ગાયન પર મને;, મન્નિમિત્તે એમ. ૪૮.

નિત્ય મધુર ગાયન કરે, શુદ્ધ ભક્તિથી આંહ્ય;
ગાય સુલીલા માહરી, વસું તદ્ગૃહે ત્યાંય. ૪૯.

**અ.૧૧૨**

ગાંતા ચરિત્ર ભાવથી, સૂણતાં તેમ સદાય;
સ્વપ્ને દુઃખ રહે નહીં!, રંગ ભવવ્યથા[1] જાય!! ૯૫.

★★★★★

## ગુરુ મહિમા

ગુરુ મહિમાની ગરિમા સુધી પહોંચવું હોય તો દીપકનો શિષ્ય મહિમા સમજવો પડે. એને મન ગુરુ-મહિમાનું મહત્ત્વ અષ્ટ સિધ્ધિમાંની 'મહિમા' સિદ્ધિ કરતાં અત્યધિક છે, જેથી હરિ-હર પાસે ગુરુસેવાના ફળના બદલામાં અધિક ગુરુનિષ્ઠા જ માગી !

પૂ.શ્રીએ પણ પોતાની ગુરુનિષ્ઠા દર્શાવતાં એક પત્રમાં લખ્યું છે : દરિયો ભલેને ફાવે તેટલો તોફાની ને વિફરેલો હોય પણ સુકાન જ્યાં સુધી અનન્ય ભાવે ગુરુમહારાજને સોંપી દીધેલું હોય ત્યાં સુધી એના ભક્તે દેહનાવડીની જરાએ ચિંતા કરવા જેવું નથી. મન પર સ્હેજ પણ ખિન્નતાનું વાદળ છવાય કે અવધૂતના આનંદનું સ્મરણ જાગ્રત કરવું ને ગુરુમહારાજની અનંત લીલાનો વિચાર કરવો. એ સ્મરણના ટીપેટીપામાં અખિલ સંસાર સિંધુની ખારાશ દૂર કરવાનું સામર્થ્ય નથી શું ?

કબીરજીએ ગુરુ-મહિમા ગાતાં કહ્યું છે : ગુરુ કુંભાર, ઔર શિષ્ય કુંભ હૈ,

*ઘટ ઘટ કાઢે ખોટ ।*
*અંતર હાથ સહાર દેતે*
*ઔર બાહર મારે ચોટ ॥*

ગુરુ કુંભાર જેવો ઘડવૈયો છે અને શિષ્ય ઘડો છે. જેમ ઘડાને સુંદર સ્વરૂપ આપવા માટે જ કુંભાર તેને ટીપી ટીપીને ત્રુટિઓ દૂર કરે છે તેમ ગુરુ પણ શિષ્યની ત્રુટિઓથી તેને મુક્ત કરવા કટાક્ષરૂપી શબ્દબાણ, મીઠો ક્રોધ, તીખી ટીકાનો પ્રયોગ કરે છે. પણ જેમ કુંભાર ભલે બહારથી ઘડાને ટપલા મારતો હોય પણ ઘડાની અંદર બીજા હાથથી ટેકો આપતો હોય છે તેમ ગુરુ પણ શિષ્યના હૃદયમાં બીજા હાથથી સહારો આપે છે. અર્થાત્ પ્રથમ અંદરથી આધાર આપે છે પછી બહારથી ટીપે છે. બહારનું ટીપાવું દૃષ્ટામાન છે જ્યારે અંદરનો આધાર અદૃશ્ય છે.

આવા કલ્યાણકારી ઉપકારી ગુરુને તો અનંત વંદન કરીને મસ્તક ઉતારી આપીએ તો પણ ઓછું છે. કબીરજી કહે છે :

યહ તન વિષ કી વેલડી ગુરુ અમૃત કી ખાન ।
શીશ દીયે જો ગુરુ મિલૈ, તો ભી સસ્તા જાન ॥
એટલે જ પૂ. શ્રીએ કહ્યું છે
ગુરુ બિન ઔષધિ કૌન પિલાવે ?
અને
નહિ ઉપમા ગુરુ કી ત્રિભુવનમે, સાક્ષાત્ દેવ પિછાના
સદા ભજો ગુરુદેવ...

ગુરુ-મહિમા તો અનંત-આકાશની જેમ વિસ્તરેલો છે. જેનો 'નાસા'નું કોઈ 'સ્પેસ-શટલ' પાર ન પામી શકે !

"અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ" બહાર સ્થૂળરૂપે બેહાથ, સુંદર મુખવાળો સદ્ગુરુ તો આપણા અંતરમાં રહેલા સત્, ચિત્ આનંદ સ્વરૂપ પરબ્રહ્મનું પ્રતિબિંબ છે. **આપણે ગુરુતત્ત્વને સમજીને પકડવાનું છે.**



[1] ૧. જન્મમરણનું દુઃખ